Digital Copy
કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર
जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 22 | 8 November 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |




# ભારતીય મહિલા ક્રિકેટ ટીમ પહેલીવાર વર્લ્ડ ચેમ્પિયન

ભારતની દિકરીઓએ આખરે 47 વર્ષના લાંબી રાહ પછી ઇતિહાસ રચી દીધો. ઈન્ડિયા વુમન્સે રવિવારે નવી મુંબઈમાં સાઉથ આફ્રિકાને 52 રનથી વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં હરાવી. આ સાથે જ ટીમ ઈન્ડિયા વુમન્સ ક્રિકેટમાં પણ વર્લ્ડ ચેમ્પિયન બની ગઈ.

ડીવાય પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાએ બોલિંગ પસંદ કરી હતી. ભારતે 7 વિકેટ ગુમાવીને 298 રન બનાવ્યા. શેફાલી વર્માએ 87, દીપ્તિ શર્માએ 58, સ્મૃતિ મંધાનાએ 45 અને રિચા ઘોષે 34 રન બનાવ્યા. સાઉથ આફ્રિકા તરફથી આયબોન્ગા ખાકાએ 3 વિકેટ લીધી.

મોટા ટાર્ગેટ સામે સાઉથ આફ્રિકાની ટીમ 246 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન લૌરા વોલ્વાર્ટે સદી ફટકારી, પરંતુ ટીમને જિતાડી શકી નહીં. ભારત તરફથી દીપ્તિ શર્માએ સૌથી વધુ 5 વિકેટ લીધી.

52 વર્ષ પહેલાં વુમન્સ વન-ડે વર્લ્ડ કપની શરૂઆત 1973માં થઈ હતી. ત્યારે ભારતે ભાગ લીધો ન હતો. 47 વર્ષ પહેલાં, 1978માં ઈન્ડિયા વુમન્સે ડાયના એડલ્જીની કેપ્ટનશિપમાં પહેલીવાર આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો.

2005માં ટીમ ઈન્ડિયા પહેલીવાર ફાઈનલમાં પહોંચી, પરંતુ ઓસ્ટ્રેલિયા સામે હારી ગઈ. 2017માં ભારતે ઓસ્ટ્રેલિયાને સેમિફાઈનલમાં હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો, પરંતુ ઇંગ્લેન્ડે ફાઈનલમાં હરાવ્યું. 2025માં ટીમે ફરી એકવાર ઓસ્ટ્રેલિયાને સેમિફાઈનલમાં હરાવ્યું, પરંતુ આ વખતે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ટ્રોફી જીતી જ લીધી.

ઈન્ડિયા વુમન્સ સિનિયર ટીમની આ કોઈપણ ફોર્મેટમાં પહેલી ICC ટ્રોફી રહી. ટીમ એકવાર T20 વર્લ્ડ કપની ફાઇનલમાં પણ હારી ચૂકી છે.

1. જેમિમાહ રોડ્રિગ્સ: ડ્રોપ થઈ, સેમિફાઇનલમાં સદી ફટકારી

શરૂઆતની મેચમાં ખરાબ ફોર્મને કારણે જેમિમાહને ડ્રોપ કરી દેવાઈ હતી. એ જ જેમિમાહએ ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઇનલમાં અણનમ 127 રનની ઇનિંગ્સ રમીને ટીમને ફાઇનલ સુધી પહોંચાડી. જેમિમાહએ ફાઇનલ મેચમાં 24 રનનું યોગદાન આપ્યું. તેણે ન્યૂઝીલેન્ડ સામેની 'કરો યા મરો'ની મેચમાં 76 રન પણ બનાવ્યા હતા.

2. શેફાલી વર્મા: ઇન્જરી રિપ્લેસમેન્ટ તરીકે આવી, પ્લેયર ઑફ ધ ફાઇનલ બની

ઓપનર શેફાલી વર્માને ખરાબ ફોર્મને કારણે એક વર્ષ પહેલાં જ વન-ડે ટીમમાંથી ડ્રોપ કરી દેવાઈ હતી. તેને આ વર્લ્ડ કપના સ્ક્વોડમાં પણ પસંદ કરવામાં આવી નહોતી. 26 ઓક્ટોબરે બાંગ્લાદેશ સામેની મેચમાં ભારતની નિયમિત ઓપનર પ્રતિકા રાવલને ઈજા થઈ. શેફાલીને ઇન્જરી રિપ્લેસમેન્ટ તરીકે ટીમમાં સામેલ કરી. એ જ શેફાલીએ ફાઇનલ મેચમાં 87 રનની ઇનિંગ્સ રમી, પછી બોલિંગમાં 2 મહત્ત્વની વિકેટ લીધી અને દેશને પહેલી ટ્રોફી જિતાડી દીધી. આ પ્રદર્શન માટે તેને પ્લેયર ઑફ ધ ફાઈનલનો એવોર્ડ પણ મળ્યો.

ભારતનું 15મું ICC ટાઇટલ ટીમ ઈન્ડિયાએ સિનિયર અને અંડર-19 સ્તરે તેનું 15મું ICC ટાઇટલ જીત્યું. મેન્સ ટીમે બે ODI વર્લ્ડ કપ, બે T20 વર્લ્ડ કપ અને ત્રણ ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે. અંડર-19 સ્તરે, બોય્ઝ ટીમે પાંચ વર્લ્ડ કપ અને ગર્લ્સ ટીમે બે જીત મેળવી છે. હવે, સિનિયર વુમન્સ ટીમે તેનું પહેલું ICC ટાઇટલ, ODI વર્લ્ડ કપ જીતીને ભારતને તેની 15મી ICC ટ્રોફી અપાવી છે. ભારત હવે ફક્ત ઓસ્ટ્રેલિયાથી પાછળ છે, જેણે 27 ICC ટાઇટલ જીત્યા છે.

### મહિલા વર્લ્ડ કપનો ખિતાબ જીતનાર ટીમ

ઇંગ્લેન્ડ (1973)
ઓસ્ટ્રેલિયા (1978)
ઓસ્ટ્રેલિયા (1982)
ઓસ્ટ્રેલિયા (1988)
ઇંગ્લેન્ડ (1993)
ઓસ્ટ્રેલિયા (1997)
ન્યુઝીલેન્ડ (2000)
ઓસ્ટ્રેલિયા (2005)
ઇંગ્લેન્ડ (2009)
ઓસ્ટ્રેલિયા (2013)
ઇંગ્લેન્ડ (2017)
ઓસ્ટ્રેલિયા (2022)
**ભારત (2025)**

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

### 8 નવેમ્બરથી આવતા શનિવાર સુધી

**મેષ રાશિ અ, લ, ઈ** અન્યની સફળતાની પ્રશંસા કરીને, તમે આ અઠવાડિયે હકારાત્મક છબીનો આનંદ માણી શકો છો. આ માટે તમારે ઈર્ષ્યા થવાનું ટાળવું જોઈએ, અને બીજાના મનોબળને વધારવા માટે બિલકુલ અચકાશો નહીં.

**વૃષભ રાશિ બ, વ, ઉ** તે લોકોની આંખને લગતી વિકૃતિઓ હતી, આ અઠવાડિયે તેમના જીવનમાં વિશેષ શુભ પરિણામ લાવી રહ્યું છે. કારણ કે આ સમય દરમિયાન તમે તમારી આંખોની યોગ્ય અને યોગ્ય કાળજી લેવામાં સફળ થશો,

**મિથુન રાશિ ક, છ, ઘ** આ સમયે, તમારા ઘરના સભ્યના બગડતા સ્વાસ્થ્યમાં સુધારો જોઈને તમને માનસિક તાણથી પણ રાહત મળશે. આવી સ્થિતિમાં, સ્વસ્થ રહેવા માટે, શક્ય હોય ત્યાં સુધી તેમની સંભાળ રાખો અને તેમની સાથે નિયમિત યોગ કરો.

**કર્ક રાશિ ડ, હ** તમે તમારી જાતને બીમારીનો અનુભવ કરી શકો છો. કારણ કે ક્ષેત્રમાં વધતા કામનું દબાણ અને બોજારૂપ કાર્ય તમને છેલ્લા કેટલાક અઠવાડિયાથી કંટાળી જશે, જેના કારણે હવે તમને મુશ્કેલી થશે. તમે કોઈપણ પ્રકારની નશીલા સેવનથી તમને નુકસાન થઈ શકે છે.

**સિંહ રાશિ મ, ટ** તમારે તમારા સંગઠન પ્રત્યે વિશેષ કાળજી લેવી પડશે. કારણ કે શક્ય છે કે તમારી કંપનીમાંનો કેટલાક સ્વાર્થી વ્યક્તિ તમને તાણમાં લાવે. આ કારણોસર, તમે તમારી જાતને યોગ્ય રીતે ખાવામાં અસમર્થ જોશો. આખા અઠવાડિયામાં ભાગ્ય અને ભાગ્ય તમારી બાજુમાં રહેશે.

**કન્યા રાશિ પ, ઠ, ણ** સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ખૂબ સારો કહી શકાય. આ સમય દરમિયાન, આરોગ્ય માટેનું તમારું સમર્પણ ઘણા રોગોથી છૂટકારો મેળવવા માટે અસરકારક રહેશે. આવી સ્થિતિમાં, યોગ અને કસરતને ઓછું ન થવા દો અને શક્ય તેટલા લીલા પાંદડાવાળા શાકભાજીનું સેવન

**તુલા રાશિ ર, ત** વધુ સારું જીવન જીવવા માટે, તમારે તમારા સ્વાસ્થ્ય અને વ્યક્તિત્વને સુધારવા માટે પ્રયત્ન કરવો પડશે. કારણ કે આ કરવાથી તમે તમારી જાતને સ્વસ્થ રાખી શકશો અને સાથે જ તમારો માનસિક તાણ પણ છૂટકારો મેળવશો.

**વૃશ્ચિક રાશિ ન, ય** તમારું સ્વાસ્થ્ય પાછલા અઠવાડિયા કરતા સારું રહેશે અને તમારું સ્વાસ્થ્ય મજબૂત સાથે, તમે ઘણું સારું અનુભવશો. આ તે કારણ છે કે તમે આ વર્ષમાં લાંબી રોગોથી છુટકારો મેળવવામાં સમર્થ હશો. ઉપરાંત, આ સમય દરમિયાન તમારું જીવન પણ ઊર્જાથી ભરેલું રહેશે.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** આરોગ્યની દ્રષ્ટિએ, સમય ખાસ સારો રહેશે અને તમારા સારા સ્વાસ્થ્યના બળ પર, તમે તમારા પરિવારના સભ્યોની પણ ખૂબ કાળજી લેશો. જેનાથી પરિવારમાં પણ તમારું માન વધે તેવી સંભાવના છે. એકંદરે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સપ્તાહ તમારા માટે સારો રહેશે.

**મકર રાશિ ખ, જ** સ્વાસ્થ્યની દ્રષ્ટિએ થોડી મુશ્કેલીઓ થઈ શકે છે, પરંતુ આ દરમિયાન કોઈ મોટી બીમારી જોવા મળી નથી, તેથી તમે ખૂબ ખુશ થશો. તેમ છતાં, તમારે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે કોઈપણ પ્રકારની બેદરકારી ન લેવી જોઈએ અને સમય સમય પર યોગ, ધ્યાન-કસરત કરવી જોઈએ.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** સ્વાસ્થ્ય સંબંધિત કોઈ પડકારોનો સામનો કરવો નહીં પડે. તેથી, યોગ અપનાવો, નિયમિત વ્યાયામ કરો. સારા સ્વાસ્થ્યનો આનંદ લો. કારણ કે સ્વાસ્થ્ય માટેની તમારી તકેદારી અને નિયમિત રૂપે તમારી ભૂતકાળની ઘણી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** સ્વભાવ તમારા સ્વાસ્થ્ય વિશે થોડો વધુ જાગૃત દેખાશે. તમે પહેલા કરતા વધુ સારો ખોરાક લેતા જોશો. તેથી તમારું જીવનધોરણ રાખો અને સારા સ્વાસ્થ્યનો આનંદ લો. જમીન, સ્થાવર મિલકત અથવા સાંસ્કૃતિક પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# દિવાળી અને દેવ દિવાળી – ઉજાસથી ઉજળું જીવન



પ્રિય વાચક મિત્રો,

વિદેશની ધરતી પર પણ જ્યારે દિવાળી આવે છે ત્યારે ગુજરાતી મનમાં બાળપણની સુગંધ, પરિવારનો પ્રેમ અને વતનની ઉષ્મા ફરીથી જીવંત થઈ ઊઠે છે.

કેનેડાની ઠંડી હવામાન વચ્ચે પણ ગુજરાતની આ ઉજાસભરી દિવાળી આપણને અંદરથી ગરમાવે છે — કારણ કે આ પર્વ માત્ર દીવા પ્રગટાવવાનો નથી, પણ પ્રેમ, એકતા અને માનવતાનો પ્રકાશ ફેલાવવાનો ઉત્સવ છે.

દિવાળી એ અંધકાર પર પ્રકાશનો વિજય છે. એ આપણી સંસ્કૃતિની એવી પરંપરા છે જ્યાં સદીઓથી પરિવારો સાથે મળીને આનંદ વહેંચે છે, સંબંધોમાં મીઠાશ ભરે છે અને જીવનને નવી દિશા આપે છે.

કેનેડામાં રહેતા દરેક ગુજરાતી માટે આ તહેવાર એ એક ભાવનાત્મક જોડાણ છે – વતન અને વિદેશ વચ્ચેનું અતૂટ સાંસ્કૃતિક પુલ.

આ દિવસે આપણે આપણી નવી પેઢીને શીખવીએ કે દીવો ફક્ત ઘરને નહીં, પરંતુ હૃદયને પણ ઉજળો કરે છે.



જેમ આપણે પોતાના જીવનમાં મહેનત, ઇમાનદારી અને સદભાવના દીવા પ્રગટાવીએ છીએ તેમ, દરેક ગુજરાતી પોતાના પ્રકાશથી આખા સમાજને ઉજાસ આપે છે – ભલે તે ભારતની ધરતી પર હોય કે કેનેડાના આકાશ નીચે.

દેવ દિવાળી એ આ ઉજાસની પરાકાષ્ઠા છે – જયારે ધરતી સ્વર્ગ બની જાય છે અને દરેક દીવો માનવતાના તેજથી ઝળહળે છે. એ દિવસ આપણને યાદ અપાવે છે કે સાચો પ્રકાશ અંદરનો હોય છે – સદભાવ, કરુણા અને પ્રેમનો.

આ દિવાળી અને દેવ દિવાળી આપના પરિવારમાં સુખ, આરોગ્ય, સમૃદ્ધિ અને અનંત ઉજાસ લાવે તેવી હાર્દિક શુભેચ્છાઓ.

ચાલો, આ વર્ષે આપણે નક્કી કરીએ .

એક દીવો ઘરમાં, એક દિલમાં, અને એક કોઈ જરૂરતમંદના જીવનમાં પ્રગટાવીએ.

પ્રકાશના પર્વે, સૌના જીવનમાં ઉજાસ વરસે —

એ જ "ગરવી ગુજરાત" પરિવારની હાર્દિક શુભેચ્છા...

સ્નેહભરી શુભકામનાઓ સાથે,

**સુજ્ઞેશ પટેલ** (તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**




**સંકલન શ્રી એસ કે પટેલ કેનેડા રિટાયર્ડ પ્રિન્સિપાલ**

**સીતાનું હરણ એતો માત્ર બહાનું હતું, અંતે તો બધા રાવણ ઢળે છે રામ તરફ.**

શૂન્ય પાલનપુરી. સંકલન ડૉ. પ્રકાશભાઈ ઠક્કર, કાલોલ, ગુજરાત


વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


Wish You Happy Diwali and New Year
I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE


IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
SINCE 2000
scan me
Wish You Happy Diwali and New Year
1,40,000 કરતાં વધુ ફેમિલી ટૂર ના સફળ આયોજક
તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
ઓક્ટોબર
સ્વિટ્ઝર્લૅન્ડ અને પેરિસ 09 રાત્રિ - 10 દિવસ 22 ઓક્ટોબર
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 22 ઓક્ટોબર
તુર્કી 10 રાત્રિ - 11 દિવસ 21 ઓક્ટોબર
અમેરિકા 12 રાત્રિ - 13 દિવસ 22 ઓક્ટોબર
સાઉથ આફ્રિકા 11 રાત્રિ - 12 દિવસ 20, 22, 23 , 31 ઓક્ટોબર
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 19, 20, 22 ઓક્ટોબર
ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 19, 21, 22, 23 ઓક્ટોબર
વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 21,23,24 ઓક્ટોબર
શ્રીલંકા 07 રાત્રી - 08 દિવસ 12, 22, 23 ઓક્ટોબર
વિયેતનામ 10 રાત્રિ - 11 દિવસ 23 ઓક્ટોબર
અઝરબૈજાન 07 રાત્રી - 08 દિવસ 20, 22, 23, 24, ઓક્ટોબર
અઝરબૈજાન & જ્યોર્જિયા 11 રાત્રિ - 12 દિવસ 22 ઓક્ટોબર
ડિસેમ્બર - 2025 થી માર્ચ - 2026
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 07 ડિસેમ્બર, 20 જાન્યુઆરી 06 ફેબ્રુઆરી , 16 ફેબ્રુઆરી
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી - 06 માર્ચ
ન્યુઝીલેન્ડ & ઓસ્ટ્રેલિયા 17 રાત્રિ 18 દિવસ 21 જાન્યુઆરી 17 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 12 ડિસેમ્બર - 18 જાન્યુઆરી 12 ફેબ્રુઆરી - 22 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 08 જાન્યુઆરી - 15 જાન્યુઆરી 20 ફેબ્રુઆરી - 02 માર્ચ
સ્કેન્ડીનેવ્યા 12 રાત્રિ - 13 દિવસ 15 માર્ચ
હેડ ઓફિસ
એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ,
સી.જી. રોડ અમદાવાદ–૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ
નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ
જામનગર - ગાંધીનગર - કલોલ
+91 99989 77746, +91 7574000353
www.bestvoyage.in

# બ્રિટનના રાજવી શ્રી કિંગ ચાર્લ્સ ત્રીજા અને ક્વીન કેમિલા 'નીસડન મંદિર' તરીકે વિશ્વવિખ્યાત BAPS સ્વામિનારાયણ મંદિર, લંડનની દર્શન મુલાકાતે પધાર્યા

## નીસડન મંદિરના 30 વર્ષની ઉજવણીના સીમાચિન્હરૂપ અવસરે આ મુલાકાત શ્રી કિંગ ચાર્લ્સ અને રાજવી પરિવારના બી.એ.પી.એસ. સંસ્થા સાથેના ત્રણ દાયકાથી વધુ સમયના મૈત્રીપૂર્ણ સંબંધોને ઉજાગર કરતી બની રહી










લંડન, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત, ‹નીસડન મંદિર› તરીકે લોકપ્રિય અને વિશ્વવિખ્યાત એવા લંડન બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરની દર્શનયાત્રાએ ૧૯૯૫ થી લઈને આજ પર્યંત છેલ્લાં ત્રીસ વર્ષમાં દેશ-વિદેશના કરોડો લોકો પધારી ચૂક્યા છે, જેમાં સામાન્ય નાગરિકોથી લઈને અનેક પ્રતિષ્ઠિત – મહાનુભાવોનો પણ સમાવેશ થતો રહ્યો છે. આ મંદિરની દિવ્ય આભા પ્રત્યેક દર્શનાર્થીના હૈયે અમિટ છાપ પ્રસરાવતી રહે છે.

આજે બ્રિટનના રાજવી શ્રી કિંગ ચાર્લ્સ ત્રીજા અને તેઓના પત્ની શ્રીમતી ક્વીન કેમિલા નીસડન મંદિરની મુલાકાતે પધાર્યા હતા. દિવાળી અને હિન્દુ નૂતન વર્ષ નિમિત્તે ઉજવાઈ રહેલાં ઉત્સવમય વાતાવરણમાં તેમજ મંદિરની પૂર્ણતાના 30 વર્ષની ઉજવણી નિમિત્તે રાજવી દંપતીએ મંદિરની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે લંડનના બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરના બોર્ડ ઓફ ટ્રસ્ટીઝના ચેરમેન શ્રી જીતુભાઈ પટેલે રાજવી પરિવારનું સ્વાગત કર્યું હતું. પ્રિન્સ ઓફ વેલ્સ અને ડચેસ ઓફ કોર્નવોલ તરીકેની અગાઉની મુલાકાતો બાદ, રાજા અને રાણી તરીકે આ તેમની મંદિરની પ્રથમ મુલાકાત હતી. બ્રિટનના રાજવી પરિવારની મંદિર સાથેની આવી અનેક પૂર્વ મુલાકાતો તેઓના બી.એ.પી.એસ. હિન્દુ સમુદાય સાથેના તેઓના લાંબા સમયથી ચાલી આવતાં ઉષ્માભર્યા સંબંધોને દર્શાવે છે.

૧૯૯૫માં તેના ઉદ્ઘાટન બાદ, નીસડન મંદિર આંતરરાષ્ટ્રીય સ્તરે વિખ્યાત એવું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સ્થાન બની ગયું છે. શ્રદ્ધા, સેવા અને ભારતીય સંસ્કૃતિના અજોડ પ્રતીક સમું, વિશ્વભરના લાખો મુલાકાતીઓ અને ભક્તોનું સ્વાગત કરતું આ મંદિર - બાળ અને યુવા વિકાસ, વરિષ્ઠ નાગરિકોની સંભાળ, આરોગ્ય અને માનવતાવાદી રાહત - જેવા અનેક સેવાકાર્યો દ્વારા બ્રિટિશ સમાજમાં સતત વિશિષ્ટ યોગદાન આપી રહ્યું છે.

તેમની મુલાકાત દરમિયાન, રાજવી દંપતીએ મંદિરના સ્વયંસેવકો અને ભક્તસમુદાય સાથે મંદિરના સેવાકીય કાર્યો વિશે માહિતી મેળવી હતી. આમાં ધ ફેલિક્સ પ્રોજેક્ટ સાથેની લાંબા ગાળાની ભાગીદારીનો પણ સમાવેશ થાય છે – આ લંડન સ્થિત ચેરિટિ સંસ્થા અસહાય લોકોની ભૂખ દૂર કરવા માટે વધારાના ખોરાકનું પુનર્વિતરણ કરે છે, (આગળના પાને)...

**વિશેષ નોંધ: બ્રિટનનો રાજવી પરિવાર - બી.એ.પી.એસ. લંડન મંદિર/બી.એ.પી.એસ. સંસ્થાની સેવાપ્રવૃત્તિઓ સાથે - શ્રી કિંગ ચાર્લ્સ ત્રીજા (તે સમયના પ્રિન્સ ઓફ વેલ્સ) અને શ્રીમતી ક્વીન કેમિલા (તે સમયના ડચેસ ઓફ કોર્નવોલ)ના લંડન મંદિર સાથેના મુખ્ય સીમાચિહ્નો નીચે મુજબ છે:**

**૧૯૯૬ :** મંદિરના ઉદ્ઘાટન પછી તરત જ, કિંગ ચાર્લ્સે (પ્રિન્સ ઓફ વેલ્સ તરીકે) નીસડન મંદિરની પ્રથમ મુલાકાત લીધી.

**૧૯૯૭ :** કિંગ ચાર્લ્સે સેન્ટ જેમ્સ પેલેસ ખાતે મંદિરના પ્રેરક અને સર્જક પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજનું સ્વાગત કર્યું.

**૨૦૦૧ :** ગુજરાતમાં આવેલા ભૂકંપ બાદ અસરગ્રસ્તોની સહાય માટેના રાહત કાર્યોને બિરદાવવા અને સમર્થન આપવા માટે કિંગ ચાર્લ્સે મંદિરની મુલાકાત લીધી હતી.

**૨૦૦૫ :** લંડનના સાયન્સ મ્યુઝિયમ ખાતે ‹મિસ્ટિક ઇન્ડિયા›ની રોયલ વર્લ્ડ ચેરિટી પ્રીમિયરમાં કિંગ ચાર્લ્સ અને ક્વીન કેમિલાએ હાજરી આપી હતી.

**૨૦૦૭ :** અને ૨૦૦૯: કિંગ ચાર્લ્સ અને ક્વીન કેમિલાએ ૨૦૦૭માં નીસડન મંદિર ખાતે દિવાળીની ઉજવણીમાં અને ૨૦૦૯માં હોળી પર્વ નિમિત્તે મુલાકાત લીધી હતી.

**૨૦૧૩ :** ભારતની મુલાકાત દરમિયાન કિંગ ચાર્લ્સ અને ક્વીન કેમિલાએ નવી દિલ્હી સ્થિત સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાત લીધી હતી.

**૨૦૧૬ :** પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના દેહવિલય બાદ કિંગ ચાર્લ્સે શોક સંદેશ પાઠવ્યો હતો.

**૨૦૨૦ :** નીસડન મંદિરની ૨૫મી વર્ષગાંઠના અવસરે કિંગ ચાર્લ્સે વીડિયો સંદેશ મોકલ્યો હતો.

**૨૦૨૨ :** પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના અવસરે કિંગ ચાર્લ્સે વિશેષ સંદેશ પાઠવ્યો હતો.

**૨૦૨૩ :** બી.એ.પી.એસ. યુકેના ચેરમેન શ્રી જીતુભાઈ પટેલે રાજવી દંપતીના રાજ્યાભિષેક સમારોહમાં હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે વેસ્ટમિન્સ્ટર એબી ખાતે હાજરી આપી હતી.


















(પાના નં. 5નું ચાલુ..)

જે રાજવી શ્રી કિંગ ચાર્લ્સના કોરોનેશન ફૂડ પ્રોજેક્ટનો પણ એક ભાગ છે.

મુલાકાત દરમિયાન, રાજવી દંપતીએ પેરિસમાં આગામી સપ્ટેમ્બર, ૨૦૨૬માં ઉદઘાટિત થવા જઈ રહેલાં ફ્રાન્સના સૌપ્રથમ પરંપરાગત હિન્દુ મંદિર એવા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિર, પેરિસ વિશે માહિતી મેળવી હતી, અને મંદિર નિર્માણની પ્રોજેક્ટ ટીમના મુખ્ય સભ્યો સાથે મુલાકાત કરી હતી. લંડન મંદિરના મુખ્ય કાર્યવાહક સંત યોગવિવેકદાસ સ્વામીએ જણાવ્યું, "આ ઐતિહાસિક અવસર પર ભક્ત સમુદાય રાજવી દંપતીનું નીસડન મંદિરમાં સ્વાગત કરતાં આનંદ અનુભવી રહ્યો છે. તેઓની મિત્રતા અને મંદિરના સામાજિક સેવાકાર્યોમાં સતત રસ લેવા બદલ અમે તેઓનો ખૂબ આભાર વ્યકત કરીએ છીએ."

વિશ્વવ્યાપી બી.એ.પી. એસ.સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભારતમાંથી એક વીડિયો સંદેશ દ્વારા રાજવી પરિવારને માટે તેઓની પ્રાર્થના અને આશીર્વાદ પાઠવતા જણાવ્યું,

"તમારી જાહેર સેવાના દાયકાઓ દરમિયાન, તમે આસ્થાને આદર આપ્યો છે અને ધર્મો વચ્ચે સંવાદિતાને પ્રોત્સાહન આપ્યું છે; આજે આપની અહીં ઉપસ્થિતિ તેની સાબિતી છે."

ઉપરાંત, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શ્રી કિંગ ચાર્લ્સને એક પત્રમાં સમગ્ર યુ.કે દેશની પ્રગતિ અને સમૃદ્ધિ માટે પણ આશીર્વાદ પાઠવ્યા હતા.

મંદિરની સામાજિક અને આધ્યાત્મિક સેવાપ્રવૃત્તિઓમાં નિરંતર પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહેલાં સ્વયંસેવકોની ભક્તિ અને સેવાને બિરદાવીને રાજવી દંપતીએ વિદાય લીધી હતી.




સંકલન :- દામિનીબેન શાહ, કેનેડા

## ISHA PATEL



**PERSONAL INFO.**

Date of Birth: October 13, 2002

Location: Toronto, Ontario

Caste: Leuva Patidar

Religion: Hindu

Height: 5'1"

Phone Number: 416-707-8878

**Education:**

Bachelor of Commerce (B.Comm) in Business Management, Global Management Major – Toronto Metropolitan University, 2025

**Occupation:**

Accounting Associate - SmartCentres Real Estate Investment Trust

**Family Information:**

Father: Nileshkumar Pravinbhai Patel (Paint Technologist)
Hometown: Palana

Mother: Hetal Patel (Accounts Payable Supervisor)
Hometown: Anand

Younger Brother: Kishan Patel (Computer Science Student at the University of Waterloo)



Wish You Happy Diwali and New Year

# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

** અમે ગુજરાતી બોલીએ છીએ **

# કેનેડાનો નવો ઈમિગ્રેશન પ્લાન 2026-2028 : કાયમી નિવાસ પર ભાર, કામચલાઉ રહેવાસીઓમાં ઘટાડો

કેનેડાનો 2026-2028 ઇમિગ્રેશન લેવલ પ્લાન, જે બજેટ 2025 માં જાહેર કરવામાં આવ્યો હતો, તે કાયમી નિવાસ માટેના માર્ગોને વિસ્તૃત કરતી વખતે કામચલાઉ રહેવાસીઓને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ યોજના 2026 અને 2027 ની વચ્ચે 33,000 વર્ક પરમિટ ધારકોને કાયમી નિવાસ મેળવવાની મંજૂરી આપતો એક નવો કાર્યક્રમ બનાવશે. કેનેડામાં પહેલાથી જ રહેલા સંરક્ષિત વ્યક્તિઓ પણ પીઆર સ્ટેટસ માટે પાત્ર બનશે.

2026 માં કામચલાઉ નિવાસી પ્રવેશમાં તીવ્ર ઘટાડો થશે, જેનો કુલ લક્ષ્યાંક 385,000 છે - જે 2025 થી 43 ટકા ઓછો છે. આમાં 155,000 આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને 230,000 કામચલાઉ વિદેશી કામદારોનો સમાવેશ થાય છે. જોકે લક્ષ્યાંકો ઓછા છે, વાસ્તવિક પ્રવેશ 2025 જેવો જ રહી શકે છે કારણ કે આ વર્ષની સંખ્યા અપેક્ષાઓ કરતા ઓછી છે.

નાણામંત્રી માર્ક કાર્નેએ જણાવ્યું હતું કે કામચલાઉ વિદેશી કામદાર કાર્યક્રમ ચોક્કસ ક્ષેત્રો અને પ્રદેશો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઇન્ટરનેશનલ મોબિલિટી પ્રોગ્રામ સાથે મળીને, 2026 માટે કામદારોના પ્રવેશ 230,000 પર નિર્ધારિત કરવામાં આવ્યા છે.

2026 માટે કાયમી નિવાસી પ્રવેશ 380,000 પર સ્થિર રહેશે, જેમાં આર્થિક વર્ગમાં 239,800, કુટુંબ પુનઃમિલન માટે 84,000 અને શરણાર્થી અને માનવતાવાદી શ્રેણીઓ હેઠળ 56,200નો સમાવેશ થાય છે.

2027 અને 2028 માટે, કેનેડા વાર્ષિક 380,000 પર PR લક્ષ્ય રાખશે અને પ્રતિ વર્ષ 370,000 સુધી કામચલાઉ નિવાસી પ્રવેશ મર્યાદિત કરશે. આ યોજના લાંબા ગાળાની સ્થિરતા અને લક્ષિત, ટકાઉ ઇમિગ્રેશન વૃદ્ધિ તરફ એક પરિવર્તન દર્શાવે છે.

**ANB Immigration**
Services , Toronto - Canada
(905 230 4737)





ANB IMMIGRATION
November,6,2025

CANADA
IMMIGRATION LEVELS PLAN
2026-2028

**Focus on reducing temporary residents while expanding paths to permanent residence**

The plan, announced in Budget 2025, will create a new program allowing 33,000 work permit holders to obtain permanent residen-

- Intended to reduce temporary resident admissions, with a target of 385,000 in 2026 – 43% less than 2025
- Includes 155,000 international students and 230,000 temporary foreign workers
- Protected persons already in Canada will also become eligible for PR status

| | Permanent residence | Temporary residents |
|---|---|---|
| 2026 | 380,000 | 230,000 |
| 2027 | 380,000 | 370,000 |
| 2028 | 380,000 | 370,000 |

"The Temporary Foreign Worker Program will focus on specific sectors and regions. Together with the International Mobility Program, the target for temporary workers is set at 230,000 2026"


Nayan Brahmbhatt-President ANB Immigration Services
Toronto – Canada 905 230 4737

905-230-4300 6201 HWY 7, UNIT #10, WOODBRIDGE, ON L4H 0K7




"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# નારેશ્વરના નાથ પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજજીની પુણ્યતિથિ નિમિત્તે ભક્તિભર્યું સ્મરણ - 19 નવેમ્બર 2025



લેખક-સંકલન : નિર્મળાબેન દરજી, કેનેડા

ધર્મ, ભક્તિ અને જ્ઞાનના સમન્વયરૂપ પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજજી. જેમનું જીવન સમગ્ર માનવજાત માટે માર્ગદર્શક બની રહ્યું છે. તેમની પુણ્યતિથિ આવનારી 19 નવેમ્બર 2025ના પવિત્ર દિવસે શ્રદ્ધાભાવે ઉજવવામાં આવશે.



અવધૂત મહારાજજીનું જીવન કોઈ એક ધર્મ કે સંપ્રદાયની સીમામાં બંધાયેલું નહોતું. તેમણે સમગ્ર વિશ્વને "સેવા, સાધના અને સમર્પણ"નો સાચો અર્થ સમજાવ્યો. તેમના ઉપદેશોમાંથી ઉદ્ભવતો સંદેશ હતો. "જીવનમાં ભક્તિ એ આનંદનો સ્ત્રોત છે અને સેવા એ પરમાત્માની આરાધના."

તેઓએ માનવતાને સર્વોપરી ગણાવી, ભક્તોને આત્મસાક્ષાત્કારનો સરળ માર્ગ બતાવ્યો. તેમની કૃપાથી અનંત ભક્તોને આધ્યાત્મિક પ્રકાશ મળ્યો છે અને આ પ્રકાશ આજેય નારેશ્વર ધામ સહિત અનેક ધામોમાં ઝળહળતો રહે છે.

આ પુણ્યતિથિના પાવન પ્રસંગે નારેશ્વર ધામ તથા દેશ-વિદેશના ભક્તો દ્વારા વિશેષ પૂજન, પાઠ, હવન, ભજન-સંતવાણી અને અન્નદાન જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થવાનું છે.

આ દિવસ માત્ર સ્મરણનો નથી, પરંતુ આત્મવિચારનો દિવસ છે. તેમના દર્શાવેલા માર્ગે ચાલીને પોતાનું જીવન પણ પરમાર્થમય બનાવવાનો સંકલ્પ કરવાનો.

ચાલો, આપણે સૌ મળીને મનમાં પ્રાર્થના કરીએ.

"હે રંગ અવધૂત દયાળ, આપની ભક્તિ અમારું આશ્રય બને, આપના ઉપદેશ અમારું જીવન બની રહે."

પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજજી અમર રહો !

# શાંત સ્વભાવની શક્તિ

રોજ બરોજના જીવન સંઘર્ષમાં આપણને મળતી પ્રત્યેક વ્યક્તિ કંઈકને કંઈક શીખવવાની ક્ષમતા ધરાવતી હોવાથી અનમોલ છે. શાંત અને સુરમ્ય સ્વભાવ થકી જે કંઈ તમે મેળવ્યું છે તેને ક્યારેય ક્રોધાવેશમાં આવી ગુમાવશો નહીં. તમારો વ્યવહાર જ તમારી પ્રકૃતિને દાર્શનિક બનાવે છે.

જીવનના રોજબરોજના સંઘર્ષોમાં આપણે અનેક પ્રકારના લોકો અને પરિસ્થિતિઓનો સામનો કરીએ છીએ. દરેક વ્યક્તિ આપણા જીવનમાં કોઈને કોઈ રીતે કંઈક શીખવી જ જાય છે. પરંતુ દરેક માણસમાં એક અનોખી વિશેષતા હોય છે કોઈને કોઈક વસ્તુ સહન કરવાની ક્ષમતા. આ સહનશીલતા એ એવી શક્તિ છે, જે માણસને સાચા અર્થમાં મહાન બનાવે છે.

શાંત સ્વભાવ ધરાવતો માણસ હંમેશાં આંતરિક રીતે મજબૂત હોય છે. તે બહારથી કદાચ મૌન રહે, પરંતુ અંદરથી તે સમુદ્ર જેટલો ઊંડો હોય છે. કોઈના અપમાનમાં પ્રતિશોધ લેવાને બદલે, તે માફ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ગુણ તેને અન્યોથી અલગ બનાવે છે.

આજના યુગમાં ધીરજ અને શાંતિ રાખવી એ સૌથી મોટી કલા છે. જ્યાં દરેક માણસ ઝડપમાં છે, ત્યાં શાંત મનથી વિચાર કરનાર વ્યક્તિ દુર્લભ છે. ગુસ્સામાં લેવાયેલો નિર્ણય ઘણી વાર જીવનભરનો અફસોસ બની જાય છે, જ્યારે શાંતિથી વિચારેલો નિર્ણય અનેક સમસ્યાઓનો અંત લાવી શકે છે.



લેખક શ્રી ભરતભાઈ ભાનુશાલી વિસનગર, ગુજરાત

શાંત સ્વભાવ કોઈ નબળાઈ નથી, તે તો આંતરિક શક્તિનું પ્રતિક છે. ગુસ્સામાં કોઈને દુ:ખ આપવું સહેલું છે, પરંતુ શાંતિથી તેને માફ કરવું એ હિંમત છે. જે વ્યક્તિ આ કળા શીખી જાય છે, તે ક્યારેય પોતાનું સંતુલન ગુમાવતો નથી.

જ્યારે આપણે ગુસ્સામાં બોલીએ છીએ, ત્યારે શબ્દો તીર સમાન બની જાય છે - જે ઘા આપે છે પણ પાછા ખેંચી શકાતાં નથી. પરંતુ જ્યારે આપણે શાંતિથી બોલીએ છીએ, ત્યારે એ શબ્દો દવા સમાન બની અન્યના મનને ઠંડક આપે છે.

તમારું વર્તન જ તમારી પ્રકૃતિનું પ્રતિબિંબ છે. જો તમે હંમેશાં શાંત, મીઠું અને સમજદારીથી વર્તો છો, તો લોકો તમારા વિશે સદાય સકારાત્મક વિચાર ધરાવે છે. તમારું વર્તન તમારું વ્યક્તિત્વ ઘડે છે.

જેમ કોઈ ફૂલ પોતાની સુગંધથી વાતાવરણને મોહક બનાવે છે, તેમ શાંત સ્વભાવ ધરાવતો માણસ પોતાના આસપાસના લોકોને આનંદ અને સકારાત્મકતા આપે છે. તે જ્યાં જાય છે, ત્યાં શાંતિ અને પ્રેમનું વાતાવરણ પાથરે છે.

મનવાળા માણસો ક્યારેય પરિસ્થિતિઓનો ગુલામ બનતો નથી; તે પરિસ્થિતિઓને પોતાના મન મુજબ ઢાળી લે છે.

શાંતિ એ માનવીના મનનું રત્ન છે. તેને ગુમાવશો નહીં, કેમ કે એકવાર મનની શાંતિ ગુમાઈ જાય, તો દુનિયાની કોઈ વસ્તુ એને પાછી લાવી શકતી નથી.

તેથી, હંમેશાં યાદ રાખો શાંતિમાં શક્તિ છે, સહનશીલતામાં વિજય છે, અને પ્રેમમાં જીવનનો સાચો અર્થ છુપાયેલો છે.

## Wide Range of Mortgage Options Available

- Residential
- Commercial
- Business Loan

Scan my Business Card

- New To Canada
- High Networth
- Business For Self
- Medical Professionals
- First Time Home Buyers
- Airbnb Properties
- Self Employed
- Student Rental
- 1st & 2nd Mortgage
- Debt Consolidation
- Spousal Buyout
- Short Term Rental
- Mortgages for Clients with Bruised Credit, Previous Bankruptcies, or Consumer Proposals

Download My Free Mortgage App



Let's talk! Your FREE consultation awaits.

**Call Today: 647-893-1311**

**Dhavalkumar Patel**
Mortgage Agent Level 2

@yourmortgagepoint

MORTGAGE ARCHITECTS
#12728
5675 Whittle Rd, Mississauga, ON, L4Z 3P8

🙏 Please Don't drink and drive – your loved ones are waiting for you. 🙏

# MURTI'S KITCHEN

## Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

**Winter Special**

***METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)***

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફેરી ટેસ્ટી Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

# વર્લ્ડ હેલો ડે (વિશ્વ નમસ્તે દિવસ)

પ્રત્યેક વર્ષે તા. ૨૧ નવેમ્બરના રોજ વર્લ્ડ હેલો ડે ( વિશ્વ નમસ્તે દિવસ ) મનાવવામાં આવે છે. વર્લ્ડ હેલો ડે એ એક બિનસાંપ્રદાયિક રજા છે. આ દિવસની ઊજવણીનો હેતુ એ છે કે વિશ્વના તમામ નાના મોટા સંઘર્ષ / મતભેદ / તણાવ / યુધ્ધ / લડાઈ / ઝઘડાનો ઉકેલ બળપ્રયોગ દ્વારા નહીં પરંતુ વાતચીત એટલે કે સંવાદ વડે જ થવો જોઈએ. સહભાગિતા કરનારા સૌ આ દિવસે દસ કે તેથી વધારે વ્યક્તિઓને શાંતિ જાળવવા માટે વ્યક્તિગત સંદેશાવ્યવહાર એ અતિ મહત્વની અભિવ્યક્તિ છે એ સમજાવી સૌનું અભિવાદન કરે છે.

યોમ કિપ્પુર યુદ્ધના પ્રતિભાવ તરીકે વાર્ષિક વૈશ્વિક દિવસ 1973માં ઉજવવાનું શરૂ થયું. વર્લ્ડ હેલો ડે (વિશ્વ નમસ્તે દિવસ)નો ઉદ્દેશ્ય આ દિવસે ઓછામાં ઓછા દસ લોકોને શુભેચ્છા પાઠવવાનો છે. હકીકતમાં આ સંદેશ વિશ્વના નેતાઓ માટે છે કે તેઓ સંઘર્ષના સમાધાન માટે બળને બદલે સંવાદ સંચારનો ઉપયોગ કરે. વર્લ્ડ હેલો ડે ( વિશ્વ નમસ્તે દિવસ ) ની સ્થાપના 1973 માં બ્રાયન મેકકોર્મેક દ્વારા કરવામાં આવી હતી.

કોઈપણ વ્યક્તિ ફક્ત દસ કે તેથી વધુ લોકોને શુભેચ્છા પાઠવીને વર્લ્ડ હેલો ડેમાં ભાગ લઈ શકે છે. આ દિવસ શાંતિ જાળવવા માટે વિસંવાદિતાને બદલે સંવાદિતાનો માર્ગ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

ઈસ 1973 ના પાનખરમાં ઇજિપ્ત અને ઇઝરાયેલ વચ્ચેના સંઘર્ષના પ્રતિભાવરૂપે વિશ્વ હેલો દિવસની શરૂઆત કરવામાં આવી હતી. વિશ્વભરના લોકો વિશ્વ શાંતિ માટે તેમની ચિંતા વ્યક્ત કરવાની તક તરીકે વિશ્વ હેલો દિવસના પ્રસંગનો ઉપયોગ કરે છે. વર્લ્ડ હેલો ડે પર સાદી શુભેચ્છાઓ સાથે શરૂ કરીને, તેમની પ્રવૃત્તિઓ નેતાઓને સંદેશ મોકલે છે, તેઓને તકરારનું સમાધાન કરવા દબાણ કરવાને બદલે સંચારનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે.

આ વર્ષ ઈસ 2024માં 21 નવેમ્બરના રોજ યોજાઈ ગયેલ વર્લ્ડ હેલો ડે (વિશ્વ નમસ્તે દિવસ)ની થીમ (વિષયવસ્તુ) પ્રતિબધ્ધતાનો પ્રભાવ દર્શાવતો હતો. વિવિધ પૃષ્ઠભૂમિના લોકો વચ્ચે સંદેશ સંચાર, શાંતિ અને સમજણના મહત્વને સતત પ્રોત્સાહિત કરવું એ વર્ષ 2024ની વિષયવસ્તુ (થીમ) હતી. વિશ્વ હેલ્લો દિવસ ૨૦૨૫ (World Hello Day 2025)ની થીમ (વિષયવસ્તુ) શાંતિ અને સમજણ માટે સંવાદનું (સંચારનું) મહત્વ (The Importance of Communication for Peace and Understanding ) છે. સંવાદ વગર વિશ્વમાં શાંતિ જળવાઈ શકતી નથી.


તમામ પ્રકારની વિસંગતતાઓનો સારામાં સારો ઉકેલ ત્વરિત સંવાદ જ છે. વર્તમાન સમયે વર્લ્ડ હેલો ડે ( વિશ્વ નમસ્તે દિવસ) વિશ્વના 180 થી વધુ દેશોમાં લોકો દ્વારા ઉજવવામાં આવે છે. ઊજવણીનો હેતુ માનવીય સંબંધો થકી માનવતાને આવકારી સંવાદના માર્ગ ઉપર તમામ પ્રકારની તકરારના નિરાકરણનો છે.

વર્તમાન સમયમાં બાંગ્લાદેશની આંતરિક પરિસ્થિતિ, રશિયા-યુક્રેન વચ્ચે સવા વરસથી ચાલતું યુદ્ધ, ઈઝરાયલ-ગાઝા પટ્ટી, ઈઝરાયલ-ઈરાન, ચીન-હોંગકોંગ, અમેરિકા-વેનેઝુએલા અને વિશ્વના અન્ય ઘણા બધા દેશો વચ્ચે અવારનવાર તણાવ ઉદભવી રહ્યો છે. જેન ઝી જનરેશનની ચળવળને પરિણામે વિશ્વના સંખ્યાબંધ દેશોમાં મોટા પાયે આંદોલનો થઈ રહ્યા છે અને ધીમે ધીમે આ બધા આંદોલન હિંસક બની રહ્યા છે. આતંકવાદી પ્રવૃત્તિઓના પ્રેરક પાકિસ્તાન સાથે ભારતને યુદ્ધ કરી સબક શીખવાડવો પડ્યો છે. આ યુદ્ધમાં ખોટેખોટા એકતરફી નિવેદન કરી અમેરિકન



લેખક - હસમુખ બી. પટેલ, 'હર્ષ'-'પરખ', અમદાવાદ-નારદીપુર

પ્રમુખ ટ્રમ્પ પણ સમગ્ર વિશ્વમાં અપ્રિય બની રહ્યા છે. આ પરિસ્થિતિમાં વિશ્વના સૌ નાગરિકોએ આ વર્ષના વર્લ્ડ હેલો ડે ( વિશ્વ નમસ્તે દિવસ ) ઉપર ઐક્ય થકી એકમત દ્વારા દુનિયાભરના શાસકોને સંવાદ થકી શાંતિના માર્ગ




પર ચાલવા માટે જગાડવાનું અભિયાન આદરવાનું છે.

પ્રત્યેક વરસે ૨૧ નવેમ્બરે ઉજવવામાં આવતા વિશ્વ નમસ્તે દિવસ એ શાંતિ માટે વૈશ્વિક પ્રદર્શન છે. વિશ્વ નમસ્તે દિવસનો હેતુ જગતભરના જુદા જુદા પ્રકારના સંઘર્ષોને બળ કરતાં વાતચીત દ્વારા ઉકેલવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. સમગ્ર વિશ્વમાં કોઈપણ વ્યક્તિ ફક્ત દસ લોકોને શુભેચ્છા પાઠવીને આ દિવસની ઊજવણીમાં ભાગ લઈ શકે છે.

માત્ર એક નાનકડો "હેલ્લો" શબ્દ ઘણું બધું કરી શકે છે. તે મિત્રતા અને જોડાણ સ્થાપિત કરે છે. મોટાભાગની ગેરસમજણો સામાન્ય રીતે વાતચીતના અભાવે ઉદ્ભવતી હોય છે અને સમયાંતરે ગંભીર સમસ્યાઓમાં પરિવર્તિત થતી હોય છે. સહાનુભૂતિપૂર્ણ વાતચીત દ્વારા મતભેદો ઉકેલી શકાય છે.

આવો, આપણે સૌ તા.21મી નવેમ્બરના રોજ ઊજવાનાર વર્લ્ડ હેલો ડે ( વિશ્વ નમસ્તે દિવસ - World Hello Day ) ની ઊજવણી ઓછામાં ઓછા અન્ય દસ (૧૦) વ્યક્તિઓએ હેલો (નમસ્તે) કહીને ઊજવીએ. પરસ્પર સંવાદિતા પ્રસરાવીને અંદરોઅંદરના તમામ મતભેદ, મનભેદ, તકરાર, ગેરસમજણોને ભૂલીને સાથે ચાલવાની પ્રતિબદ્ધતા દર્શાવીએ. તમામ વિસંગતતાઓને નાબૂદ કરીને સંવાદ થકી સમજ અને સંગતનો માર્ગ કંડારીએ.

આપણે સંકલ્પ લઈએ કે આપણે સૌ પરસ્પર સાયુજ્યની ભાવના કેળવીને સંવાદ થકી જગતમાં એક નવો ચીલો ચાતરીશું. આપણી ભાવિ પેઢીને આપણે સતત ઐક્ય, ભાઈચારો, સહયોગ અને પરસ્પર આદર દ્વારા એકતા થકી તમામ પ્રકારની વિસંગતતા અને વિસંવાદીતાઓને સમયસર સંવાદ થકી સ્નેહના અવસરમાં પલટાવવાનો અમૂલ્ય દિશા નિર્દેશ કરીશું.

કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે આપણી વ્યસ્તતા વચ્ચે સમય ફાળવીને વિશ્વ નમસ્તે દિવસ (વર્લ્ડ હેલો ડે - World Hello Day) નિમિત્તે આપણા તરફથી સૌને સ્મિત સાથે નમસ્તે હેલો કહેવાનો એક દ્રઢ સંકલ્પ લઈએ. આવો, આપણે સૌ સંવાદના માધ્યમથી તમામ પ્રકારની વિસંગતતા, તકરાર, મનભેદ, મતભેદ, ગેરસમજણ ને સંબંધોમાં પડી રહેલા નાના મોટા અંતરને દૂર કરી સ્નેહની સમજણ કેળવીએ.

ANB IMMIGRATION

# Canada's New Immigration Levels Plan (2026-2028)

### Permanent Resident Admissions

| Category | 2026 | 2027 | 2028 |
|---|---|---|---|
| **Total Permanent Residents** | **380,000** | **380,000** | **380,000** |
| Economic Immigration | 239,800 | 244,700 | 244,700 |
| Family Reunification | 84,000 | 81,000 | 81,000 |
| Refugees & Humanitarian | 56,200 | 54,300 | 54,300 |
| French-speaking outside Quebec | 9% | 9.5% | 10.5% |

### Temporary Resident Admissions

| Category | 2026 | 2027 | 2028 |
|---|---|---|---|
| Workers | 230,000 | 220,000 | 220,000 |
| Students | 155,000 | 150,000 | 150,000 |
| Total Temporary Residents | 385,000 | 370,000 | 370,000 |

This plan balances immigration with housing, jobs, and economic capacity — aiming for stability, not rapid growth.

**Nayan Brahmbhatt - President ANB Immigration Services**

INFO@ANBIMMIGRATION.COM

905-230-4737

6201 Hwy 7, Unit #10, Woodbridge, ON L4H 0K7

AFFINITY MORTGAGE SOLUTIONS INC

DOMINION LENDING CENTRES



## BANK OF CANADA CUTS KEY INTEREST RATE BY 0.25%

**Kunj Parikh**

Mortgage Agent Level 1

647-774-7196

300 - 140 Allstate Parkway, Markham, ON L3R 5YR

Independently Owned & Operated FSRA#13093

Lower Payments? Increased Buying Power!
Let's Connect!


Diwali OFFER
MitRam INDIAN GROCERY
Diwali OFFER
દિવાળી ઓફરનો લાભ ચાલુ છે
ALL SPICES 20% Off
PULSES 15% Off
AKASH NAMKEEN 25% Off
MTR READY TO EAT 25% Off
CHAKKI ATTA 20 lb $12.90
SHARBATI ATTA 20lb $14.90
FINE BESAN 1.6Kg 1 for $5.5 2 for $10
W B TEA 1Kg $9.90
POHA 800gm $2.5 3LB $3.5
MAKHANA 400Gm $14
MAMRA BASMATI 400 Gm 1 for $3 2 for $4
MAMRA KOLHAPURI 400gm 1 for $3.5 2 for $5
ALL MAYONNAISE Buy 1 @ $3 Buy 2 Get 1 Free @ $6
ALL FLAVOURED MAKHANA 80GM Buy 1 @ $3 Buy 3 @ $7.5
FLAVOURED DRYFRUITS $4.90 EACH
MITRAM NAMKEEN 10% OFF
KHAKHRA $1.99 EACH
KESAR MANGO PULP 1 for $4 2 for $7
ALPHONSO MANGO PULP 1 for $5 2 for $9
KOLHAPURI GOR (jaggery) 5.5Kg $11.90
DESHI GOR (jaggery) 2Kg $5.5
DESHI GOR (jaggery) 4Kg $10
CHIA SEEDS 200gm $2
FLAX SEEDS 200gm $1.5
PUMPKIN SEEDS 200gm $3
SUNFLOWER SEEDS 200gm $2.5
BASIL SEEDS 200gm $2
CASHEW 400gm $7
ALMONDS 400gm $7
APRICOT 400gm $5.5
Whatsapp Group
PISTACHIO 400gm $9
RAISIN 400gm Green $5.5 Black $5.5
MOUTH FRESHENER 400GM $4 150GM $2 Jar
Offer PDF
Limited Quantities Available | Taxes Extra | Price Subject To Change Without Notice
+14374310244 Mitram Foods Ltd. 386 Deerhurst Dr. Brampton, ON L6T 5H9, Canada

Wish you Happy Diwali and New Year




HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd.

Brokerage, Independently Owned & Operated

SANJU PATEL
Broker



DIRECT 647-721-0491
OFFICE 905-454-4000
FAX 905-463-0811

REALTOR
MLS MULTIPLE LISTING SERVICE

Email realtorsanju@gmail.com
Web www.shivbijhomes.com

# કેનેડામાં વધી રહેલા ચોરી અને ચેન તોડવાના બનાવો સામે જાગૃતતા

તાજેતરના સમયમાં કેનેડાના અનેક શહેરોમાં ચોરી, ઘરફોડ ચોરી, વાહન તોડફોડ તેમજ ખાસ કરીને "ચેન સ્નેચિંગ" જેવા બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. નિર્દોષ નાગરિકો – ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને દુકાનદારો – ટાર્ગેટ બને છે. આ સાથે, ડિજિટલ યુગમાં સાયબર ચોરી અને ઠગાઈઓએ પણ માથું ઉંચક્યું છે. સાવચેતી રાખવી હવે માત્ર વિકલ્પ નથી, પરંતુ આવશ્યકતા બની ગઈ છે.



લેખકઃ તંત્રી સુગ્નેશ પટેલ, ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર, કેનેડા

## ▪ વધતા બનાવોનું કારણ

આર્થિક સંકટ અને બેરોજગારી: પેન્ડેમિક પછીના સમયમાં કેટલાક લોકો ગુનાહિત પ્રવૃત્તિ તરફ વળ્યા છે.

ડિજિટલ માહિતીની લીકેજ: સોશિયલ મીડિયા પરની વ્યક્તિગત માહિતીનો ગુનેગારો લાભ લે છે.

પ્રવાસી સમુદાયની સહજતા: સમુદાય ના લોકો સામાન્ય રીતે વિશ્વાસુ સ્વભાવ ધરાવે છે, જેના કારણે તેઓ સરળ ટાર્ગેટ બને છે.

કાયદાકીય વિલંબ: નાના ગુનાઓમાં પોલીસ પ્રતિસાદ મોડો મળે છે, જેનાથી ગુનેગારો નિર્ભય બને છે.

## ▪ ચેન તોડવાના બનાવો સામે વ્યક્તિગત સાવચેતી

મોંઘી ચેન કે જ્વેલરી જાહેરમાં ન પહેરવી.

શંકાસ્પદ વ્યક્તિઓથી સતર્ક રહેવું.

વાહનમાંથી ઉતરતા કે બેસતા પહેલાં આજુબાજુ ચકાસવું.

રાત્રિના સમયે એકલા ન ફરવું.

વડીલ મહિલાઓ માટે ખાસ કાળજી રાખવી – જ્વેલરી કપડાં નીચે રાખવી.

## ▪ ઘર અને વાહન સુરક્ષા

CCTV કેમેરા, સ્માર્ટ લૉક અને એલાર્મ સિસ્ટમ લગાવવી.

પડોશી વૉચ સિસ્ટમમાં જોડાવું.

વાહનમાં કિંમતી વસ્તુઓ ન મુકવી.

ઘર છોડતાં પહેલાં દરવાજા-બારીઓ લોક છે તેની ખાતરી કરવી.

## ▪ સાયબર ક્રાઇમ સામે સાવચેતી

અજાણ્યા ઈમેઇલ કે લિંક પર ક્લિક ન કરવી.

સોશિયલ મીડિયા પર વ્યક્તિગત માહિતી શેર ન કરવી.

બેંકિંગ માટે ટૂ-ફેક્ટર ઓથેન્ટિકેશન સક્રિય કરવું.

અજાણ્યા કૉલ અથવા ઇન્વેસ્ટમેન્ટ સ્કીમથી સાવધાન રહેવું. પાસવર્ડ દર મહિને બદલવો.

## ▪ સમુદાયની ભૂમિકા

પોલીસને શંકાસ્પદ પ્રવૃત્તિની તરત જાણ કરવી. મંદિરો, ગુજરાતી સંસ્થાઓ અને લોકલ ગ્રુપ્સ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવી શકાય છે જેથી સૌને સુરક્ષા અંગેની જાણકારી મળે.

## ▪ અંતિમ વિચાર

સાવચેતી એ જ સુરક્ષા છે. ચોરી અને સાયબર ઠગાઈ બંને ખતરનાક છે – એક શરીરથી વસ્તુ છીનવે છે, બીજી મન અને માહિતીમાંથી વિશ્વાસ. જાગૃતિથી જ બંનેને રોકી શકાય છે.

સરળ શબ્દોમાં કહીએ તો – "સાવચેતી એટલે સ્વરક્ષા."

લેખક: તંત્રી સુગ્નેશ પટેલ

ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર, કેનેડા

## ▪ ડિસ્ક્લેમર:

આ લેખ માત્ર જનજાગૃતિ અને માહિતી માટે તૈયાર કરવામાં આવ્યો છે. અહીં આપેલ સલાહ સામાન્ય માર્ગદર્શન રૂપ છે. કોઈપણ ચોક્કસ ઘટના કે કાયદાકીય કાર્યવાહી માટે સ્થાનિક પોલીસ અથવા કાનૂની નિષ્ણાતની સલાહ લેવી અનિવાર્ય છે


EDM Elite Digital Marketing LET'S BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!
Let's Be popular
Find on Google

Parth Patel
647 655 5029


Abhay Joshi
(Mortgage Agent Level 2)
AFFINITY MORTGAGE SOLUTIONS INC
DOMINION LENDING CENTRES
Looking for Mortgage Services?
1st & 2nd mortgage
Home equity loans
Residential mortgage
Commercial mortgage
Refinancing
and many more
Mortgage Application
CONTACT US
CELL : (647) 409-5848
Lic #M22003707

# બાળકોનો મોબાઈલ ફોનનો વધુ પડતો ઉપયોગ વાલી માટે ખતરારૂપ ઘંટડી

આજકાલ બાળકો મોબાઇલનો વધુ પડતો ઉપયોગ કરે છે.આખો દિવસ મોબાઈલ માં વ્યસ્ત રહે છે .મેં તો એવા બાળકો જોયા છે કે જે સીડી ઉતરતા પણ મોબાઈલ જોતા હોય છે . ૨ વર્ષ નું બાળક મોબાઈલ આપો તો જ ખાય . નાના બાળકોમાં આ વ્યાસન દારૂ, ડ્રગ્સ, માવો, બીડી, સિગારેટ અને ગુટખા કરતાં વધુ ખતરનાક છે. પપ્પા કરતાં મમ્મી બાળકને મોબાઇલ વધુ આપે છે .ક્યારેક અપાતો ફોન બાળક માટે લત  થઈ જાય છે , તેનો બંધાણી થઈ જાય છે. જેમ બીડી, સિગારેટ, દારૂ શરૂઆતમાં ક્યારેક ક્યારેક પીવાય છે અને પછી વ્યક્તિ તેનો બંધાણી થઈ જાય છે, એના વગર ચાલતું જ નથી ,તેમ ફોન નો પણ બાળક બંધાણી થઈ જાય છે. ફોન ન મળે તો ખાવાનું ન ખાઈને ગુસ્સો કરે, તોડફોડ કરે અને છેવટે પપ્પા મમ્મી તેની સામે હારી જઈ ફોન આપી  દેતા હોય છે , પણ આની ખૂબ જ માઠી અને ગંભીર અસર બાળક પર પડતી હોય છે .એક સાડા ત્રણ વર્ષના બાળકે મોબાઈલ માંગ્યો અને મમ્મીએ મોબાઈલ આપ્યો નહીં .બાળક જીદે ચડ્યો, રડવાનું શરૂ કર્યું . આખરે પપ્પાએ તેને મોબાઈલ આપી દીધો .ત્યાર પછી જે થયું તે સમગ્ર પેરેન્ટ્સ માટે આઘાત પમાડે તેમ હતું . આ બાળકે ગુસ્સે થઈને તેની મમ્મીના માથા પર જોરથી ફોન ફેંક્યો .બાળક શું કરે છે ? તેનું તેને ભાન રહેતું નથી .આમ બાળકના સતત ફોન વાપરવાથી તેની શારીરિક માનસિક શક્તિનો વિકાસ થતો નથી .મગજ નું સંતુલન ગુમાવે છે. ગુસ્સો કરે છે.

* મોબાઇલ વાપરવાથી બાળક પર થતી અસર --

મોબાઈલ વાપરતા બાળકમાં એકાગ્રતા રહેતી નથી. તે ગુસ્સો કરે છે. તેનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે .તેની કલ્પના શક્તિ નાશ પામે છે. સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ હણાય છે. મોબાઇલમાં કાર્ટુન જુએ છે, ગેમ રમે છે .બાળકની બુદ્ધિશક્તિ કે વિચાર કરવાની તક



લેખક - ઘનશ્યામ પટેલ (ખુશ ) કેલગરી , કેનેડા

તેને મળતી નથી. મોબાઇલના કાલ્પનિક ચિત્રોને કારણે બાળકમાં અવલોકન કરવાની શક્તિ ,સહન કરવાની શક્તિ જતી રહે છે .નૈસર્ગીક  વાતાવરણમાંથી જે જ્ઞાન મળે તે મેળવી શકતો નથી. સંવેદના જતી રહે છે .નાના બાળકો રીલ બનાવતા થયા છે .સોશિયલ મીડિયામાં તે મૂકે છે. લાઈક ન મળે તો તે ડિપ્રેશનમાં આવી જાય છે .બાળકને સોશિયલ મીડિયા નો ખૂબ જ ચસ્કો લાગ્યો હોય છે, જેથી બાળક મોબાઈલ ફોન ચાલુ હોય તો જ જમી શકે છે .મા બાપને બાળક જમે તે માટે ફોન આપવો જ પડે છે .ઘણીવાર બાળક ને મનોચિકિત્સક પાસે લઈ જવું પડે છે કે કાઉન્સેલિંગ કરાવવું પડેછે .મોબાઈલનો રાત્રે વધુ પડતો ઉપયોગ થાય તો ઊંઘ વહેલી આવતી નથી. પૂરતી ઉંઘ મળતી નથી.  આના પરિણામે બાળક બીજા દિવસે થાક અનુભવે છે. વધુ પડતું સ્ક્રીન સામે જોવાથી આંખને નુકશાન થાય છે .નાના બાળકોમાં ચશ્મા આવી જાય છે .બાળક આઉટડોર ગેમ રમતો નથી તેથી શારીરિક કસરત થતી નથી. સામાજિક પ્રવૃત્તિ ઓછી થતા બાળક એકલવાયું બને છે અને ડિપ્રેશન અનેએંજાઈટી નો શિકાર બને છે. હાથ અને ગરદનના સ્નાયુઓ દુખે છે.

વાલી એ શું કરવું જોઈએ ?

બાળકની સામે પોતે મોબાઇલનો ઉપયોગ શક્ય હોયતો ટાળવો જોઈએ.બાળક જીદ કરે તો બાળકને ફોન ના આપો. તેના બદલે થોડો સમય આપવો .બાળક મોબાઈલમાં શું જુએ છે ? તેની તપાસ રાખવી .બાળકને જમતી વખતે તો મોબાઈલ ન જ આપવો . મોબાઇલની ગંભીર અસરો વિશે તેને સમજ આપવી .સંતાન પ્રત્યે પેરેન્ટ્સની વિશેષ જવાબદારી થાય છે .facebook ના માલિક ઝૂકર બર્ગ , એપલ કંપનીના માલિક સ્ટીવ જોબ્સ . માઈક્રોસોફ્ટ ના માલિક બિલ ગેટસે, ઓબામાએ અને પ્રસિદ્ધ અભિનેત્રી જેનીફરે તેમના સંતાનોને ટીવી, મોબાઈલ,  ટેબલેટ કે ફોન આપેલ નહીં.ખૂબ જ જરૂરી જણાય તો થોડા સમય માટે તમારી દેખરેખ નીચે બાળક ને ફોન આપવો.

PEGASUS
MORTGAGE LENDING CENTER INC.
FSRA Lic # 11479 | Lic # M25001526
Jaimin Patel
Mortgage Agent Level 1
1457 McCowan Road, Suite 202
Toronto, ON M1S 5K7
Office (416) 281-9628
(226) 975-8054
jaimin.patel@pegasusmortgages.com
www.mortgagewithjp.com
www.facebook.com/pegasuslending

# JTP FINANCIAL
SERVICES

**Wish you Happy Diwali and New Year**

### Financial Freedom Starts Here

# Mastering Your money

Building Your Wealth Starts With Making the Right Financial Choice

Why Choose Us?



JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)

## Our Key Offerings

- Personal Financial Planning
- Life Insurance
- Disability Insurance
- Critical Illness Coverage
- Group/Business Insurance
- Health & Travel Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Tax-Free Savings Account (TFSA)
- Annuities
- Registered Retirement Income Fund (RRIF)
- Life Income Fund (LIF)
- Investment Strategies
- Wealth Management
- Retirement Planning

JOYCE TSANG-PATEL

Phone Number: 416-845-1323

Website: www.jtpfinancial.ca

# From Curiosity to Cure: How Dr. Sarvatit Patel Is Redefining the Fight Against Heart Disease....

**Created by: Dr Hasmukh Merja**

**Dr Sarvatit Patel**



When Dr. Sarvatit Patel talks about his work, you don't just hear science, you hear purpose. His story begins not in a high-tech lab, but in a small town in India, where a fascination with how life works turned into a lifelong mission to understand why hearts fail and how they can heal.

"Even as a student, I was drawn to questions that connected biology to real human stories," Sarvatit recalls. "Heart disease isn't just a set of numbers; it affects families, communities, and generations. I wanted to be part of finding solutions that make a difference."

That drive carried him across continents, from early research experiences in India to a Ph.D. in Chemical Biology at McMaster University in Canada, and later to postdoctoral research at Toronto's University Health Network (UHN), one of the world's top centres for cardiovascular medicine. Along the way, Sarvatit built a reputation for combining deep curiosity with technical precision, working at the frontier where molecular discovery meets patient care.

## The Hidden Conversations Inside Our Blood Vessels

In Sarvatit's world, the smallest things can tell the biggest stories. His research focuses on extracellular vesicles (EVs), tiny packages that cells send out to communicate with one another. These nanoscale messengers carry bits of protein, lipids, and genetic material, and they can signal whether a cell is healthy, stressed, or inflamed.

"When I first learned about EVs, I realized they were like text messages between cells," he explains with a smile. "They can spread good news or bad news, throughout the body."


That insight led him to an important discovery: when blood vessel cells age or become damaged, they release EVs that can trigger inflammation. These signals can make nearby immune cells behave abnormally, fueling the kind of chronic inflammation that leads to atherosclerosis, the buildup of plaque arteries that causes heart attacks and strokes.

His team went further, showing that a natural compound called EGCG, found in green tea, can help calm those inflammatory signals. "It was one of those moments where you see biology come full circle, from understanding a mechanism to finding something that might one day help people," he says.

## A Scientist Building Bridges

For Sarvatit, science is not just about discovery; it's about connection. He co-developed the first endothelial-specific EV-tracking mouse model, a groundbreaking tool that allows researchers to see actually how blood vessel cells communicate during heart disease.

"It's like turning on the lights in a dark room," he says. "Now we can watch in real time when those cellular conversations go wrong and test how to correct them."



His research also dives deep into the molecular machinery that controls inflammation. Earlier in his career, he identified how a specific enzyme, GSK3α, acts as a critical switch in immune cells during atherosclerosis. Turning that switch off, his studies showed, can reduce inflammation and even reverse plaque buildup in arteries.

Together, these findings are shaping how scientists think about treating heart disease, not just by managing symptoms, but by changing the underlying biology that drives it.

## The Human Side of Discovery

Despite the complexity of his research, Sarvatit remains grounded in the human purpose behind it. "Every data point represents a step closer to preventing someone's heart attack or stroke," he says. "That's what keeps us going, even when experiments fail or models need rebuilding."

Colleagues describe him as both a dedicated scientist and a generous mentor. His trainees say he has a gift for making complicated science understandable and meaningful.

That same clarity has made him a respected voice in the cardiovascular research community, with multiple peer-reviewed publications, invited talks at international conferences, and contributions as a peer reviewer and conference judge. He has also earned multiple awards and fellowships, recognizing his leadership and innovation in translational science.

## Looking Ahead: A Vision for Heart Health

Sarvatit's vision for the future is clear: bridge the gap between laboratory discoveries and clinical treatments. His current work explores targeted protein degradation (PROTACs), precision molecules that can remove disease-causing proteins from cells. It's part of a broader toolkit he's building for cardiovascular drug discovery, one that combines EV biology, immune regulation, and molecular targeting.

His ultimate goal? To help design therapies that not only treat heart disease but prevent it using personalized, data-driven approaches that reflect each patient's biology.

"It's about turning what we know into what we can do," he says. "If we can understand how the heart talks to itself through these molecular messages, we can learn how to stop the conversation before it becomes harmful."

## Inspiring the Next Generation

Outside the lab, Sarvatit is equally passionate about mentorship and science communication. He believes that the next breakthroughs will come from teams that collaborate openly and ask questions that matter. "Good science," he says, "isn't done in isolation, it's built through curiosity, perseverance, and community."

His advice to young scientists is simple: "Stay curious, stay patient, and remember why you started."

For Dr. Patel, that "why" has always been clear to turn discovery into healing, and to bring us closer to a world where heart disease is no longer a life sentence but a challenge science can meet.

## Connect with Dr. Sarvatit Patel

Researchers, clinicians, and partners interested in cardiovascular disease therapeutics, extracellular vesicle biology, or translational research collaborations can reach Dr. Patel via LinkedIn. When science listens to the heart, literally and figuratively, it moves us all closer to better health

# ખિચડી ખાવાના શું છે ફાયદા... આજથી જ શરૂઆત કરો ખાવાની

## ખિચડીને ત્રિદોષિત ખાણું કહેવામાં આવે છે .



ખિચડીને રાષ્ટ્રીય ફૂડ જાહેર કરવામાં આવ્યુ છે ત્યારે ખિચડી ખાવાના ફાયદા જાણો અને આયુર્વેદમાં તેનું શું મહત્વ જણાવવામાં આવ્યુ છે તે પણ જાણો.. ખિચડીનું નામ સાંભળીને મોટાભાગના લોકો મોઢુ ચઢાવી લે છે પરંતુ જો તમે આના ફાયદા જાણી લેશો તો આજથી જ ખિચડી ખાવાનું શરૂ કરી દેશો.

તો ચાલો તમને જણાવીએ કે ખિચડી ખાવાથી શું ફાયદો થાય છે. તબિયત ખરાબ થઈ હોય તો કંઈક હલકો ખોરાક ખાવો હોય તો ખિચડી સૌથી સરળ વિકલ્પ છે. જે ઝડપથી પાચન થઈ જાય છે સાથે જ કેટલીક પૌષ્ટિક તત્વોથી ભરપૂર હોય છે.

ખિચડીમાં તેલ ઘીનો ઉપયોગ થતો નથી. ખિચડી એક એવુ વ્યંજન છે જેને બનાવવામાં ઓછામાં ઓછા તેલનો ઉપયોગ થાય છે. જે કારણથી આ સરળથી પચી જાય છે. એટલે સુધી કે બીમારી બાદ શરીરને તાકાત આપવા માટે ડૉક્ટર ખાવાની સલાહ આપે છે.ફેટ કમ થઈ જાય છે.

હલ્કો ખોરાક ખાવાનું કારણ આમાં ફેટની પ્રમાણ ઓછુ હોય છે. જેની સાથે જ આને ખાવાથી શરીરમાં આળસ પણ આવતી નથી. આમ તો ખિચડીમાં દાળ અને ચોખાનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ જો તમે આને સ્વાદિષ્ટ બનાવવા ઈચ્છો તો આમાં લીલી શાકભાજી નાખી શકો છો. આયુર્વેદમાં ખિચડીને બુનિયાદી ખાણુ કહી શકાય છે. આમાં શરીરના ત્રણ દોષ- વાત, પિત્ત અને કફને બેલેન્સ કરવાની ક્ષમતા હોય છે.

બનાવતી વખતે મગ ની માત્ર વધારે રાખવી

આ કારણસર ખિચડીને ત્રિદોષિત ખાણું ગણશો નહીં

# વૃષભ લગ્નની વાત



જ્યોતિષ-આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી-કેનેડા




આજે આપણે વૃષભ લગ્નની વાત કરીશું. એટલે કે જન્મ કુંડલીમાં પ્રથમ ભાવે ઉદિત લગ્નરાશિ વૃષભ હોય એટલે કે જન્મ કુંડલીના પ્રથમ ભાવે (ખાણા)માં (2) અંક હોય તો તેને જન્મ કુંડલીનું વૃષભ લગ્ન કહેવાય છે. એવા લગ્નમાં સ્ત્રીપુરુષોની કુંડલી આ પ્રમાણે બારેય સ્થાનમાં રાશિના આંક ધરાવતી હોય છે. તેથી આવા જાતકોને દેહ ભવન અને છઠ્ઠા ભવનનો સ્વામી શુક્ર, ધનેશ અને પંચમેશ બુધ તૃતિયેશ ચંદ્ર ચતુર્થેશ સૂર્યે સ્પતમેશ વ્યવેશ મંગળ અને અષ્ટમેશ લાભેશ ગુરૂ અને ભાગ્યેશ-કર્મેશ શનિ થશે. વૃષભ લગ્નવાળા જાતકોને સૂર્યે મંગળ બુધ અને શનિ શુભ છે. ચંદ્ર ગુરૂ અશુભ બને છે. જ્યારે શુક્ર તટસ્થ છે.


હવે વૃષભ લગ્નનાં આધિપતિ શુક્ર છે. શુક્ર પોતે સુખ, સાહેબી, લક્ઝરી વસ્તુઓ સાથે જોડાયેલ હોય છે. તેઓ સંગીત પ્રિય હોય છે. ટૂંકમાં કહું તો ફીલ્મી સ્ટાઇલના લોકો જોવા મળે છે. પરંતુ દરેક ગ્રહો જુદા જુદા સ્થાને જુદુ જુદુ ફળ આપે છે. તો આજે પ્રથમ ભાવે સૂર્યે હોય તો તે શું ફળ આપે તે જોઇશું.



પ્રથમ ભાવે સૂર્યે જાતકનો બાહ્ય દેખાવ સામાન્ય આપે છે. માતાનું મકાનનું સ્થાવર મિલકતનું સુખ પણ સાવ સામાન્ય પ્રકારનું રહે છે. અહિં રહેલો સૂર્યે તેની સાતમી દૃષ્ટિથી સપ્તમ ભાવને જોઇ છે. તેથી તે જાતકને વ્યવસાયમાં સફળતા અપાવે છે.

સાતમો ભાવ લગ્ન જીવનનો છે. તેથી લગ્ન જીવનમાં પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતી પત્ની મળે છે. તેથી જાતકને પરિણીત જીવનમાં તમામ પ્રકારના સુખ પ્રાપ્ત થાય છે. નોંધઃ આમાં ગ્રહની અવસ્થા અને અંસ જરૂરથી ધ્યાનમાં રાખવા જોઇએ.


**ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર તરફથી પ્રિય વાચકો આદરણીય લેખકગણ અને હંમેશા સહાયક થતા સ્પોન્સર્સ મિત્રોને નવા વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ.**




**કેનેડામાં થતા કોઈપણ સાંસ્કૃતિક કે ધાર્મિક પ્રોગ્રામના સમાચાર તથા પોતાના ધંધાકીય વિકાસની એડવર્ટાઈઝ માટે સંપર્ક કરો**

**સુજ્ઞેશ પટેલ**

(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

# પરદેશ પાર્સલ સર્વિસ

DHL FedEx Express ups TNT dpd

## અમેરીકા, યુ.કે., કેનેડા, ઓસ્ટ્રેલિયા, દુબઇ, ન્યુઝીલેન્ડ, આફ્રીકા તથા અન્ય દેશોમાં

**વ્યાજબી ભાવ, ઝડપી સર્વિસ**

Free Box Packing
Easy Online Tracking
Free Pick-Up
Worldwide Services

# Air Freight Logistics

ANAND, NADIAD, AHEMDABAD, VADODARA

## Mo. : +91 98798 56249


Stellar homes
Home staging
“Transform Your Space, Sell Your Home Faster”
We elevate your home into a refined,
beautifully curated expression of living.
Book your consultation today with Stellar homes.
+1(437)-961-1477
urvi.stellarhomes@gmail.com
@stellarhomes_staging
@STELLARHOMES_STAGING
Urvi Thakar
Your staging expert

# શિયાળો શરૂ થાય કે કેનેડાના વડીલોનું ભારત પ્રયાણ કરશો પ્લીઝ.. જીવનશૈલીના સંતુલનનો સુંદર સંદેશ

તંત્રી – **સુગ્નેશ પટેલ**, ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર (કેનેડા)

**▪ ઠંડીના માહોલમાં ગરમ દેશ તરફ આકર્ષણ**

કેનેડામાં શિયાળો શરૂ થતાની સાથે જ હિમવર્ષા, માઇનસ તાપમાન અને ધ્રુવીય પવનથી દૈનિક જીવન થોડી મુશ્કેલ બને છે. ખાસ કરીને સિનિયર સિટીઝન માટે, જ્યાં આરોગ્યની સંવેદનશીલતા વધારે હોય છે.

તેથી દર વર્ષે નવેમ્બરથી માર્ચ સુધીના ચાર–પાંચ મહિના માટે અનેક વડીલો આરામ અને આત્મીયતા મેળવવા ભારત તરફ પ્રવાસે જતા રહે છે.

**▪ ભારતની ગરમાહટ અને સ્નેહભર્યું વાતાવરણ**

ભારત પહોંચતા જ સૂર્યપ્રકાશ, પરિચિત ભાષા, ખોરાક અને પરિવારની નજીક રહેવાનો આનંદ મનને તાજગી આપે છે.

મંદિરોમાં દર્શન, જૂના મિત્રો અને સગાંઓ સાથે મેળાપ – આ બધું જ વડીલ જીવનમાં નવચેતના ફૂંકી દે છે.

ઠંડી પછી ભારતની ઉર્જા અને ઉમળકો તેમના શરીર અને મન બંનેને ઉર્જાવાન બનાવે છે.

**▪ પ્રોપર્ટી અને રોકાણના વ્યવહારની તક**

કેનેડામાં નિવાસ હોવા છતાં ઘણા વડીલો ભારત સાથે નાણાકીય રીતે જોડાયેલા રહે છે –

કોઈના પાસે મકાન છે, કોઈ પાસે જમીન કે રોકાણ.

આ પ્રવાસ દરમિયાન તેઓ આ સંપત્તિ સંબંધિત દસ્તાવેજી કામગીરી, ટેક્સ ક્લિયરન્સ કે સુધારણા જેવા કાર્યો પણ પૂર્ણ કરી લે છે.

પાવર ઓફ એટર્ની – વિશ્વાસપાત્ર વ્યક્તિને અધિકાર સોંપવાથી ભવિષ્યની મુશ્કેલીઓ ટળી શકે.

બેંકિંગ અને એનઆરઆઈ એકાઉન્ટ – ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા વિદેશથી પણ સુરક્ષિત વ્યવહાર શક્ય.

ટેક્સ અને કાનૂની સલાહ – કેનેડા તથા ભારતના ટેક્સ નિયમો જુદા હોવાથી, પ્રવાસ પહેલાં ફાઇનાન્શિયલ સલાહકારની માર્ગદર્શન લેવું હિતાવહ છે.

**▪ સંસ્કૃતિ અને સંબંધોનો સુંદર મિલાપ**

કેનેડાની શાંત અને નિયમિત જીવનશૈલી પછી ભારતની હલચલ, ઘરેલું સ્નેહ અને સંસ્કારની ગરમી વડીલોને નવી ઊર્જા આપે છે.

બંને દેશોની અલગ પરિસ્થિતિ વચ્ચે આ પ્રવાસ તેમને "બ્રિજ" જેવો અનુભવો આપે છે –

એક બાજુ સુવિધાસભર કેનેડા અને બીજી બાજુ આત્મીય ભારત.

**▪ વાપસી વખતે સંતોષ અને સ્મૃતિઓનો ખજાનો**

માર્ચ-એપ્રિલમાં કેનેડામાં વસંતની શરૂઆત સાથે જ વડીલો પાછા ફરે છે,



પરંતુ સાથે લઈ જાય છે ભારતની યાદો, પરિવારનો આશીર્વાદ અને વતનની સુગંધ.

આ રીતે કેનેડા અને ભારત વચ્ચેની આ ઋતુપ્રવૃત્તિ માત્ર પ્રવાસ નથી, પરંતુ જીવનના સંતુલનનો સંદેશ છે –

જ્યાં આરામ, આત્મીયતા અને જવાબદારી ત્રણેય હાથમાં હાથ ધરી ચાલે છે.

**▪ પ્રકાશકની ટિપ્પણી:**

આ લેખ વડીલોને પ્રેરણા આપે છે કે જીવનના અંતિમ વર્ષોમાં પણ બંને દેશોની સુખદ અનુભૂતિ સાથે જીવવું એ જ સાચી સંતુલિત જીવનકલા છે.

# નિવૃત્તિ પછી સમજાયું – હું તો ગધેડો જ હતો

હાલમાં સોશિયલ મીડિયા પર મેં એક નિવૃત્ત આઈએએસ સચિવશ્રેણીના અધિકારીનો દિવાળીની પ્રસંગે લખાયેલો લેખ વાંચ્યો. તેમણે પોતાના અનુભવ ખૂબ જ હૃદયસ્પર્શી રીતે રજૂ કર્યા હતા.

"આ મારી નિવૃત્તિ પછીની પહેલી દિવાળી હતી.

પહેલાં, દિવાળીના અઠવાડિયા પહેલા જ લોકો અલગ-અલગ ભેટો લઈને આવવા લાગતા.

એટલી ભેટો મળતી કે જે રૂમમાં તેને રાખતા, તે જાણે ભેટોની દુકાન જેવું લાગે.

સૂકા મેવા એટલા ઘણાં મળતા કે સગાં-સંબંધીઓને અને મિત્રો વચ્ચે વહેંચ્યા પછી પણ ઘણાં બાકી રહી જતાં.

પણ આ વખતે બપોરના બે વાગી ગયા હતા — અને મને શુભેચ્છા આપવા કે ભેટ આપવા કોઈ આવ્યો જ નહોતો.

નસીબના આ અચાનક ફેરફારથી હું ખૂબ ઉદાસ થઈ ગયો. મનને વ્યસ્ત રાખવા માટે મેં અખબારનો આધ્યાત્મિક વિભાગ વાંચવાનું શરૂ કર્યું.

સૌભાગ્યે, ત્યાં મને એક રસપ્રદ વાર્તા વાંચવા મળી."

એક ગધેડાની વાર્તા

"વાર્તા એક ગધેડાની હતી, જેની પીઠ પર દેવ-દેવતાઓની મૂર્તિઓ લાદવામાં આવી હતી, જેને પૂજા સ્થળ સુધી લઈ જવાનું હતું.

જ્યારે તે ગામોમાંથી પસાર થતો હતો, ત્યારે લોકો મૂર્તિઓને નમન કરતા હતા.

દરેક ગામમાં પૂજાની ભીડ ઉમટતી.

ધીરે-ધીરે ગધેડાને લાગવા લાગ્યું કે લોકો તેને નમન કરી



લેખક શ્રી રાહુલ નારંગ એક્સ આર્મી મેન ભોપાલ

રહ્યા છે.

તે ગર્વ અને આનંદથી ભરી ગયો.

જ્યારે પૂજા પૂર્ણ થઈ, ત્યારે માલિકે તેની પીઠ પરથી મૂર્તિઓ ઉતારી અને તેના પર શાકભાજીના થેલાં લાધા.

હવે કોઈએ તેની તરફ ધ્યાન પણ ન આપ્યું.

તેને ખૂબ દુઃખ થયું, અને ધ્યાન ખેંચવા માટે તે જોરથી રેંકવા લાગ્યો.

તેના અવાજથી ત્રસ્ત થઈને ગામવાસીઓએ તેને મારવા લાગ્યા.

ગધેડો બિચારું સમજી જ ન શક્યો કે તેણે એવું શું કર્યું કે તેની સાથે આવું વર્તન થયું."

"એ ક્ષણે મને અચાનક સમજાયું કે હકીકતમાં હું પણ એ ગધેડા જેવો જ હતો.

એ તમામ સન્માન, ભેટો અને આદર મારા માટે નહોતા — પણ મારી પદવી માટે હતા.

આ સત્યનો બોધ થતાં જ મેં નક્કી કર્યું કે મહેમાનોની રાહ જોવાની જગ્યાએ પત્ની સાથે દિવાળી ઉજવવી જોઈએ.

પરંતુ તે પણ મને સાથે લેવા તૈયાર નહોતી.

તેણે કટાક્ષ કરતાં કહ્યું:

'હું વર્ષો સુધી કહી રહી કે તું ગધેડો છે, પણ તું ક્યારેય માન્યો નહીં.

આજે અખબારમાં એક વાર્તા વાંચીને તું તરત માની ગયો!'"


વાર્તાનો સાર -- હજુ પદ પર હોય ત્યારે માણસે સમાજ સાથે મળવું-જળવવું, વાતચીત કરવી અને વિનમ્ર રહેવાનું શીખવું જોઈએ.

નહીતર નિવૃત્તિ પછી એ જ ગધેડા જેવી સ્થિતિ બને છે — એકલતા અને અપમાન ભરેલી.

સારાંશ: - જે વ્યક્તિ પોતાના પદના ગર્વમાં રહીને લોકોને હેરાન કરે છે, દમક બતાવે છે કે અપમાનિત કરે છે, તે નિવૃત્તિ પછી પ્રાયઃ પસ્તાવાના જીવનમાં જીવે છે.

જ્યારે તે પોતાના જૂના ભોગ બનેલા લોકોને ફરી મળે છે, ત્યારે તેઓ પણ તક ચૂકી જતાં નથી — તેનાથી હિકારતથી વર્તે છે. માનવનો સરળ, સ્નેહી અને વિનમ્ર સ્વભાવ જ જીવનને સંતોષી, સરળ અને સફળ બનાવે છે.

આ જ જીવનનો સત્ય મંત્ર છે.


GUJARAT NEWSLINE
IN ASSOCIATION WITH
REALBIZ Realty Inc.
BUILDERS PLATINUM BROKER 2016-2025
MAINESH PATEL
REAL ESTATE BROKER
416-735-7808
realtormainesh@gmail.com
realbizrealty.com
realbizrealty.com/maineshpatel
LALIT SONI
ORGANIZER
Dharmendra Oza
www.OzaMortgage.com www.ams.house
Scan Me
AFFINITY MORTGAGE
647.453.5626 (LOAN)
Right Advise & Right Financing for Residential & Commercial Mortgages
PRESENTS
Sai Bhajan Sandhya
An evening of Shree SAI BABA'S Hindi Bhajans Live Orchestra with Dinner Included
NILESH PATEL | NEHA HIREN
TICKETS
REGULAR : $ 25
VIP : $ 35
GROUP OF 10 PEOPLE :
$ 200 ONLY
PRICE INCLUDED WITH DINNER
DATE
Sunday, November 16, 2025
DINNER
5:00 PM to 6:00 PM
SHOW
6:00 PM to 9:00 PM
VENUE : Bhavani Shanker Cultural Hall, 90 Nexus Ave, Brampton, L6P 3R6
FOR SPONSORSHIPS & TICKETS CALL :
LALIT SONI 647 400 6248
ANJALI 905 239 6506
TICKETS ALSO AVAILABLE ON
Sulekha eventbrite allevents